# અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૦ માર્ચ-૨૦૧૯ ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની છેલ્લી તારીખ:૦૧/૧૨/૨૦૧૮ હતી જે વધારીને ૧૦/૧૨/૨૦૧૮ કરવામાં આવે છે. ચલણ ત્યાર બાદ પણ ભરી શકાશે. તેમજ તારીખ:૧૧/૧૨/૨૦૧૮ થી તારીખ:૩૧/૧૨/૨૦૧૮ સુધી લેઇટ ફી સાથે આવેદનપત્રો ભરી શકાશે. લેઇટ ફી ના તબક્કાઓ અને ફી નીચે મુજબ રહેશે.

**પ્રથમ તબક્કો**: તારીખ: ૧૧/૧૨/૨૦૧૮ થી ૨૦/૧૨/૨૦૧૮ સુધી લેઇટ ફી રૂ.૨૫૦/-
**દ્વિતિય તબક્કો**: તારીખ: ૨૧/૧૨/૨૦૧૮ થી ૩૦/૧૨/૨૦૧૮ સુધી લેઇટ ફી રૂ. ૩૦૦/-
**તૃતીય તબક્કો**: તારીખ: ૩૧/૧૨/૨૦૧૮ થી ૩૧/૧૨/૨૦૧૮[ફકત એક જ દિવસ માટે] રાત્રીના ૧૨ કલાક સુધી લેઇટ ફી રૂ. ૩૫૦/-

અંતિમ તારીખ ૩૧/૧૨/૨૦૧૮ સુધી કોઇપણ સમયે ધોરણ-૧૦ ના કોઇપણ વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. જે માટે કોઇ અલગથી ફી લાગશે નહી. વિદ્યાર્થીઓનુ Principal Approval બાકી હોય તો તે પણ તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી કરી શકાશે.

**નોધ** :

વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. પરંતુ લેઇટ ફી [(રૂ.૨૫૦/- પ્રથમ તબક્કો), (રૂ.૩૦૦/- દ્વિતિય તબક્કો), (રૂ.૩૫૦/- તૃતીય તબક્કો)] માંથી કોઇપણ પ્રકારના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને મુક્તિ મળશે નહી.

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**તારીખ**: ૨૮/૧૧/૨૦૧૮
**સ્થળ**: ગાંધીનગર